**મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોનું વ્યવસ્થાપન**
**<u>વી.ઇ.સી./એસ.ઇ.સી. ને સોંપવા બાબત.</u>**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ.
ક્રમાંક:મભય-૧૩૨૦૦૨-૬૯૦-૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૧-૧૨-૨૦૦૨.

વંચાણે લીધો:-
(૧) કમિશનરશ્રી મ.ભો. અને શાળાઓની કચેરીના તા.૬/૮/૨૦૦૨ ના પત્ર જાવક નં. મભય/અમલ/વી.ઇ.સી./૨૦૦૨/૭૩૧૧

**<u>ઠ રા વ :-</u>**

મધ્યાહન ભોજન યોજનાને લગતી રાજયકક્ષાની સમિતિની તા.૧૩-૬-૨૦૦૨ ના રોજ મળેલ બેઠકમાં સાબરકાંઠા જિલ્લામાં મધ્યહન ભોજન યોજનાના કેટલલાક કેન્દ્રોમાં કે જેમા સંચાલકોની નિમણૂક થયેલ ન હોય તેવા કેન્દ્રનું સંચાલન પ્રાયોગિક ધોરણે યોજનાના ખર્ચમાં કોઇ વધારો ન થાય તે રીતે ગ્રામ શિક્ષણ સમિતિ (વી.ઇ.સી.) ને સોંપવા બાબતે સર્વગ્રાહી નિર્ણય લેવામાં આવેલ તદનુસાર સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ૨૮ અને બાયડ તાલુકાના ૧૯ મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો (યાદી પરિશિષ્ટ સામેલ છે.) પ્રાયોગિક ધોરણે ગ્રામ શિક્ષણ સમિતિ / શાળા શિક્ષણ સમિતિને પ્રથમ સત્ર માટે ચલાવવા માટે નીચે જણાવેલ શરતોનુસાર સોંપવાનુંઆથી ઠરાવવામાં આવે છે.

**<u>શ ર તો :-</u>**

**<u>નિમણૂક સંબંધી :-</u>**

(૧) વી.ઇ.સી./એસ.ઇ.સી. ધ્વારા મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો ચલાવવા માટે સંચાલકોની નિમણૂક કરવાની રહેશે નહી. પરંતુ વી.ઇ.સી. માત્ર રસોઇયાની નિમણૂક કરી તેની બહાલી માટેની દરખાસ્ત મામલતદારશ્રી મારફત નાયબ કલેકટરશ્રીને મોકલવાની રહેશે.
(૨) રસોઇયાની નિમણૂક માટેની લાયકાત સરકારશ્રીના પ્રવર્તમાન ધોરણો મુજબની રહેશે.

**<u>ગ્રાન્ટ અને જથ્થા સંબંધી :-</u>**

(૧) સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર ખર્ચની મર્યાદામાં જ અનાજ (ઘઉં/ ચોખા) સિવાયની તમામ વસ્તુઓ ખરીદવા માટે વી.ઇ.સી. ને નાણાકીય અનુદાન મામલતદારશ્રી ધ્વારા આપવામાં આવશે. વી.ઇ.સી.એ આ અંગેનું બેંક એકાઉન્ટ ખોલાવવાનું રહેશે. જે વી.ઇ.સી.ના અધ્યક્ષ અને સભ્યસચિવશ્રીની સંયુકત સહીથી સંચાલિત કરવાનું રહેશે.

(૨) વી.ઇ.સી. ના સભ્યસચિવશ્રીએ મળેલ અુદાનમાંથી યોજના સંબંધી ખર્ચ કરવાનો રહેશે. અને તેનો હિસાબ સભ્ય સચિવશ્રીએ દર માસે મામલતદારશ્રીને રજુ કરવાનો રહેશે.

(૩) વી.ઇ.સી. ધ્વારા ચલાવવામાં આવતા કેન્દ્રોની તપાસણી બી.આર.સી. અને સી.આર.સી. એ કરવાની રહેશે.

(૪) વી.ઇ.સી.ને. મામલતદારશ્રી તરફથી ઘઉં અને ચોખાનો જથ્થો વ્યાજબી ભાવની દુકાનેથી મેળવવા માટે કાર્ડ આપવામાં આવશે. કાર્ડ મારફતે કેન્દ્ર માટે ફાળવેલ ઘઉં/ ચોખાના જથ્થાનો ઉપાડ કરવાનો રહેશે.જથ્થાનો હિસાબ સ્ટોક પત્રકમાં નિભાવવાનો રહેશે.

(૫) તેલ, દાળ, શાકભાજી, બળતણ, મરી-મસાલા માટે લાભાર્થીદીઠ દૈનિક રુ. ૧.૭૦ પ્રમાણેનું અનુંદાન આપવામાં આવશે. જેમાંથી નીચે મુજબનો ખર્ચ કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| તેલ | ૧૦ ગ્રામ | ૦.૪૦ પૈસા |
| દાળ | ૨૦ ગ્રામ | ૦.૬૦ પૈસા |
| શાકભાજી | ૫૦ ગ્રામ | ૦.૨૫ પૈસા |
| મરી-મસાલા | -- | ૦.૩૦ પૈસા |
| બળતણ અને દળામણ -- | | ૦.૧૫ પૈસા |

ઉપરોકત વસ્તુઓની ખરીદી આપેલ અનુદાનમાંથી સ્થાનિક કક્ષાએથી કરવાની રહેશે. જેના દૈનિક ખર્ચનો હિસાબ રોજમેળમાં સભ્ય સચિવશ્રીએ નિયમિત નિભાવવાનો રહેશે. અને દર માસે મામલતદારશ્રીને રજૂ કરવાનો રહેશે.

(૬) મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો માટેનો અનાજનો જથ્થો કેન્દ્રમાંજ ( શાળામાંજ) સુરક્ષિત જગ્યાએ રાખવાનો રહેશે.

(૭) કેન્દ્રદીઠ કેન્દ્રના સંચાલન માટે માસિક રુ. ૪૨૫/- વી.ઇ.સી. ને ઉચ્ચક આપવામાં આવશે. તેમાંથી રસોઇયાનો પગાર સરકારશ્રીના નિયમોનુસાર ચુકવવાનો રહેશે. તથા બાકીની રકમનો ઉપયોગ સંચાલન અર્થે કરવાનો રહેશ.

(૮) મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોના સંચાલન સંબંધી વી.ઇ.સી.ને વહીવટી ખર્ચ આપવામાં આવશે નહી.

<u>કેન્દ્ર સંચાલન સંબધી:-</u>

(૧) વી.ઇ.સી.ના અધ્યક્ષશ્રીએ અઠવાડીયામાં એકવાર કેન્દ્રની મુલાકાત લેવાની રહેશે. જેની નોંધ વિઝીટબુકમાં કરવાની રહેશે.

(૨) સરકારશ્રી ધ્વારા નિયત કરેલ મેનુ (વાનગી ) તથા પ્રમાણ મુજબ બાળકોને રુચિકર ભોજન આપવાનુ રહેશે. જથ્થામાં ફેરફાર કર્યા સિવાય વાનગીમાં જરુર પડે ફેરફાર કરી શકાશે.

(૩) આ પત્રમાં નિદિર્ષ્ટ તેમજ શિક્ષણ વિભાગના તા.૨૫-૧-૯૪ ના ઠરાવ અન્વયેની મધ્યાહન ભોજન યોજના સંબંધિત ફરજો અને જવાબદારીઓ મુખ્ય શિક્ષકશ્રી તથા ઉપશિક્ષકશ્રીએ નિભાવવાની રહેશે. સભ્ય સચિવશ્રીએ દરમાસે ગ્રામ કક્ષાની મીટીંગ બોલાવવાની રહેશે અને તે અંગેનો અહેવાલ મામલતદારશ્રીને હિસાબો સાથે રજૂ કરવાના રહેશે

(૪) અનાજ, વસ્તુઓ, વાસણો, સ્ટોર રુમ, રસોડાની સફાઇ તેમજ યોજનાને આનુષંગિક કામગીરી વી.ઇ.સી. એ કરવાની રહેશે.

(૫) મધ્યાહન ભોજન યોજનાનુ સંચાલન પારદર્શક રીતે થઇ શકે તે માટે વીઝીટ બુક નિભાવી ચકાસણી અધિકારીને રજૂ કરવાની રહેશે.

(૬) વી.ઇ.સી. ધ્વારા ચલાવાતા કેન્દ્રોની તપાસણી અધિકૃત અધિકારી / કર્મચારી ધ્વારા કરવામાં આવશે. કેન્દ્ર સંચાલન બાબતે કોઇ ફરિયાદ જણાય તો તેની રજુઆત નાયબ કલેકટરશ્રીને કરવાની રહેશે. અને આ અંગે નો આખરી નિર્ણય નાયબ કલેકટરશ્રી કરશે.

(૭) વી.ઇ.સી. ધ્વારા યોજનાનું અમલીકરણ થતાં કોઇ વહીવટી પ્રતિકુળતા ઉભી થતી ન હોવી જોઇએ.

(૮) નાણાકીય હિસાબો પણ સરકારી નિયમો પ્રમાણે જળવાતા હોવા જોઇએ.

(૯) હાલ તથા ભવિષ્યમાં નાણાકીય ખર્ચમાં કોઇ વધારો થતો ન હોવો જોઇએ. ભવિષ્યમાં વધારાની ગ્રાન્ટની માંગણી કરવાની રહેશે નહી.

(૧૦) અમલીકરણની નીતિમાં ઉપરોકત ફેરફારને કારણે ફેરફાર કરેલ પધ્ધતિથી લાભ થયો છે કે કેમ? તેની વિભાગે સમયાંતરે સમીક્ષા કરવાની રહેશે. અને લાભદાયી ન જણાયતો ફેરફારવાળી પધ્ધતિ બંધ કરવાની રહેશે.

<u>વી.ઇ.સી.ને તાલીમ :-</u>

ડી.પી.ઇ.પી. ધ્વારા વી.ઇ.સી.ના અધ્યક્ષશ્રી, સભ્ય સચિવશ્રી અને સભ્યોને યોજના સબંધિ તાલીમ આપવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જે. એસ. વૈષ્ણવ )<br>
ઉપસચિવ,<br>
શિક્ષણ વિભાગ.

<u>નકલ રવાના :-</u>

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી
- માન. મુખ્યમંત્રીશ્રીનાં અગ્રસચિવશ્રી.